# સે-૨૧ જીમખાનુ જાળવણીના અભાવે કંગાળ હાલતમાં : કસરતના સાધનો બિનઉપયોગી

## સ્વીમીંગ પુલના શાવર રૂમમાં પાણી આવતુ નથી નળ પણ કામ કરતા નથી : મુલાકાતીઓ ત્રાહીમામ




ગાંધીનગર તા ૧૬

સે-૨૧ જીમખાનામાં છેલ્લા ઘણાં સમયથી જીમના સાધનો તુટેલી અને બંધ હાલતમાં જોવા મળી રહયા છે . સ્વીમીંગ પુલના શાવર રૂમમાં પણ નળ કામ કરતા નથી. પાણી પણ આવતુ નથી જીમખાનાના સાધનો પણ યોગ્ય રીતે કામ કરતા નથી. સેકટરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત આ જીમખાનામાં વી આઈ પી સભ્યોની અવરજવર રહેતી હોવાછતા જીમખાનાની સ્થિતિ કંગાળ બની છે. કસરતના સાધનો સહીતની સુવિધાઓને અપગ્રેડ કરવાની તેમજ નિયત સમયના અંતે બદલવાની પણ અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

શહેરના મુખ્ય શોપિંગ વિસ્તાર નજીક સ્થિત સે-૨૧ જીમખાનાને ચાર વર્ષ અગાઉ નવા રૂપરંગ આપવામાં આવ્યા છે. જયારે થોડા સમયની જાળવણીના અંતે જીમખાનામાં હાલ સુવિધાઓ ખાડે ગઈ છે. જીમના સાધનો પણ કંગાળ હાલતમાં જોવા મળી રહયા છે. જીમખાનાના સ્વીમીંગ પુલને અનુલક્ષી બનાવાયેલા શાવર રૂમમાં પાણી આવતુ નથી નળ પણ તુટેલી હાલતમાં છે. જયારે જીમખાનામા ંકસરતના સાધનો પણ કંગાળ હાલતમાં જોવા મળી રહયા છે. ટ્રેડ મીલ પણ બંધ હાલતમાં છે. જીમખાનામાં કસરત અર્થે આવતા સભ્યો પરેશાન છે. જીમખાનાને નવા રૂપરંગ અપાયા બાદ શરૂઆતમાં નવા સાધનોની જાળવણી થતી હતી પરંતુ છેલ્લા ઘણાં સમયથી જીમખાનાના સાધનો કામ કરતા નથી. કસરત કરવા માટે આવતા સભ્યો પણ નિરાશ થાય છે. ચાર વર્ષના લાંબા સમયના અંતે કસરતના સાધનો બદલવા માટે માર્ગ મકાન વિભાગને દરખાસ્ત પણ કરવામાં આવી હોવાનુ ધ્યાને આવ્યુ છે. પરંતુ હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. એકબાજુ જીમખાનાના ક્રિકેટ મેદાન તેમજ સ્ટેડિયમને નવા રૂપરંગ આપવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. પરંતુ જીમખાનામાં જીમ તેમજ સ્વીમીંગ પુલને આનુસંગિક સુવિધાઓ છેલ્લા ઘણાં સમયથી ખાડે ગઈ છે. આ વ્યવસ્થામાં ત્વરિત સુધારણા કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# આજે મનપાની સામાન્ય સભા : બજેટ પર ચર્ચા

**મનપાની બજેટ બેઠક તોફાની બનશે : ડોર ટુ ડોર કલેક્શન ચાર્જ રદ કરવા આક્રમક બનશે : એડવાન્સ ટેક્સ ભરનારને રિબેટ આપવા તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમ્યુનીટી હોલ બનાવવા માટે પણ કોંગ્રેસ ઉગ્ર રજુઆતના મૂડમાં : સરકારની ચીમકી પછી નવા વેરા બોજ માટે સત્તાધારી પક્ષ મજબુર બન્યો હોવાની ચર્ચા**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મહત્વની સામાન્ય સભા મળશે જેમાં ૨૦૧૮-૧૯ના અંદાજપત્રને બહાલી આપવામાં આવશે. જે તોફાની બની રહેવાની શક્યતાના સંકેતો મળી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં રૂ. સાડાસાત કરોડના આકરા કરવેરા ઝીકવામાં આવ્યા છે. જેમાં ડોર ટુ ડોર કલેક્શન ચાર્જ અને વાહન વેરો એ બે નવા વેરા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સરકારના શહેરી વિકાસ વિભાગે મનપા દ્વારા આવકના સ્ત્રોતો ઉભા નહિ કરવામાં આવી રહ્યા હોવાથી સરકાર દ્વારા આપવામાં આવતી વિવિધ ગ્રાન્ટોમાં કાપ મુકવાની ચીમકી આપી હોવાથી કમિશ્નરે તેમના ડ્રાફ્ટ બજેટમાં નવા વેરા સહિત મિલ્કતવેરો-સફાઈવેરો ક્ષેત્રફળ આધારિત બનાવાવની વાત સૂચવી હતી.

મનપાની સ્થાયી સમિતિએ આ વેરાના દરોમાં આંશિક રાહત આપવાનો નિર્ણય કરી અને વેરાના માળખામાં કોઈ નવા ફેરફારો કરવાનું ટાળ્યું હતુ. એટલુ જ નહિ વાહન-વેરાની દરખાસ્તને યથાવત રાખી વધુ આવક મેળવવા પરના સ્ત્રોતો પર ધ્યાન કેન્દ્રીત કરવાની ભલામણ કરી છે.

બીજી તરફ કોંગ્રેસ પક્ષે ડોર ટુ ડોર કલેક્શન ચાર્જ રદ કરવાની માંગ સહિત કેટલાક નવા વિકાસના કામો સૂચવ્યા છે. જો કે આ બજેટ તેના મૂળ અંદાજો કરતા ઓછા હોવાનો પણ દાવો કોંગ્રેસ પક્ષે કર્યો છે.

આ બેઠક તોફાની બેઠક બનશે એમ મનાઈ રહ્યુ છે. કોંગ્રેસ દ્વારા એડવાન્સ ટેક્સ ભરનારાઓને રાહત આપવાની નીતિને વધુ આકર્ષક બનાવવા સાથે ડોર ટુ ડોર કલેક્શન ચાર્જ રદ કરવા અને સ્વચ્છતાની કામગીરીમાં વિલંબ થાય તો નગરજનોને વળતર આપવાની માંગ કરશે. આ ઉપરાંત શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં કોમ્યુનિટી હોલની સુવિધા આપવા માટે પણ માંગ ઉગ્રતાથી રજુ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

આ સામાન્ય સભાને લઈ રણનીતિ અંગે આમ તો બન્ને પક્ષો દ્વારા વ્યુહરચના તૈયાર કરી દેવામાં આવી છે. આ બેઠકમાં બન્ને પક્ષો આક્રમકતાથી પોતાનો પક્ષ રજુ કરશે તેમ જાણવા મળી રહ્યુ છે.

# માણસા નગરપાલિકા માટે આજે મતદાન

**૩૫ મતદાન મથકો : સોમવારે મતગણતરી સવારે ૮ થી સાંજના ૫ સુધી મતદાન ચાલશે**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાની માણસા નગરપાલિકાની ૨૮ બેઠકો માટેની ચૂંટણી માટે આજે મતદાન યોજાશે. મતદાન માટે તંત્ર દ્વારા સંપૂર્ણ તૈયારીઓ થઈ ચુકી છે અને પોલીંગ સ્ટાફ પણ જે તે મતદાન મથક પર પહોંચી ચુક્યો છે.

સવારે ૮ વાગે આ મતદાનની પ્રક્રિયા શરૂ થશે. આ જંગમાં કુલ ૬૨ ઉમેદવારોએ ઝુકાવ્યુ છે. ૨૩ હજારથી વધુ મતદારો ધરાવતી આ નગરપાલિકામાં આ વખતે ભારે મતદાન થશે તેવા અંદાજો છે. જો કે લગ્નસરા અને નોટાનો ભય બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષોને સતાવી રહ્યો છે.

આ ચૂંટણીમાં નિષ્પક્ષ અને નિડરતાથી મતદાન કરી શકે તે માટે પોલીસે પણ સઘન બંદોબસ્ત ગોઠવી દીધો છે. ૧ ડીવાયએસપી, બે પીઆઈ, ત્રણ પીએસઆઈ, ૧૩૦ થી વધુ પોલીસ કર્મીઓ તેમજ એસઆરપીના જવાનોનો બંદોબસ્ત લગાવવામાં આવ્યો છે. સાંજે પાંચ વાગ્યા સુધી આ ચૂંટણીનું

● અનુસંધાન પાન-૭ પર

# શહેરની શાળાઓમાં ૫૦ ટકાથી વધુ બાળકો બિમાર મળી આવ્યા

**સ્માર્ટસીટી બનવા જઈ રહેલા પાટનગરની કડવી વાસ્તવિકતા**

**બાળપણ માંદગીના બિછાને : ૨૧ બાળકોને હૃદયરોગની બિમારી**



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરનું બાળપણ માંદલુ અને પાંગળુ બની ઉભરી રહ્યુ છે. શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત શહેરની શાળાઓમાં ચકાસવામાં આવેલ ૪૫૧૪૪ બાળકોમાંથી ૨૪૨૧૩ બાળકોને સ્થળ પર જ સારવાર આપવી પડી છે. અર્થાત્ ૫૦ ટકાથી વધુ બાળકોને માંદગીના લક્ષણો જણાતા તેમને સ્થળ પર જ સારવાર આપવી પડી હતી.

રાજ્યના આરોગ્ય તંત્ર દ્વારા ચાલી રહેલા શાળા આરોગ્ય ચકાસણીના અતિ મહત્વાકાંક્ષી કાર્યક્રમમાં આ ચોંકાવનારી હકીકતો બહાર આવવા પામી છે. ૭૧ ટકા જેટલી કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવાનું તંત્રએ જણાવ્યું છે. શહેરમાં કુલ ૬૨૮૮૫ બાળોકને ચકાસણી હેઠળ આવરી લેવાનું આયોજન છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે ૪૬૧ બાળકોને સંદર્ભ સેવા માટે રિફર કરવામાં આવ્યા છે. જેમાં ૪૦ બાળરોગ નિષ્ણાત દ્વારા, ૨૫૦ બાળકો આંખરોગ નિષ્ણાત દ્વારા, ૭૧ બાળકો દંતરોગ નિષ્ણાત દ્વારા, ૩૦ બાળકો ચામડીના રોગોના

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ૧૫ ગામોમાં ગ્રામવન બનશે

**૧ હેક્ટરથી પાંચ હેક્ટરના આ ગ્રામવનોમાં ૩૨ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરવાનો લક્ષ્યાંક**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના ૧૫ જેટલા ગામોમાં ૧ હેક્ટરથી લઈ પાંચ હેક્ટર સુધીના નાના ગ્રામવનો બનાવી જિલ્લાને હરિયાળો જિલ્લો બનાવવામાં આવશે.

જિલ્લા વન વિભાગ દ્વારા આ અંગેનો ખાસ એક્શન પ્લાન પણ તૈયાર કરી દેવામાં આવ્યો છે. વન વિભાગના સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૩૨ હજાર જેટલા રોપાઓનું વાવેતર આ ગ્રામ વનોમાં કરવામાં આવશે.

કુલ ૫૦ હેક્ટર વિસ્તારમાં આ ગ્રામવનો ગૌચરની જગ્યામાં ઉભા કરવાનું હાલના તબક્કે વિચારણમાં લેવામાં આવ્યુ છે. જેમાં ૧ હેક્ટરથી લઈ પાંચ હેક્ટર સુધીના આ ગ્રામવનોમાં ૩૨ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરાશે. જેમાં ફળાઉ તેમજ મહેસુલી વૃક્ષોનું વાવેતર થશે.

જે ગામોની પસંદગી કરવામાં આવી છે તેમાં રાંધેજા, બિલોદરા, મંડાલી, સાણોદા, નાસ્મેદ, મગોડી, કડજોદરા, પાલુન્દ્રા, કલ્યાણજીના મુવાડા, કૃષ્ણનગર કોઠી, ચરાડા, વિહાર, પલસાણા, પલીયડ, ગોલથરા, વાસણા, ઉનાવા અને શેરથાનો સમાવેશ થાય છે.

વન વિભાગ દ્વારા આ વર્ષે એગ્રો ફોરેસ્ટ્રી પર પણ એટલુ જ ધ્યાન આપવામાં આવનાર હોવાનું જણાવતાં આ સૂત્રોએ જણાવ્યુ છે કે આ યોજના અંતર્ગત પણ દોઢ લાખ જેટલા રોપાઓનું વાવેતર કરવાનો લક્ષ્યાંક નિયત કરવામાં આવ્યો છે. ખાસ કરીને ફાર્મ ફોરેસ્ટ્રી પર વિશેષ લક્ષ આપવામાં

● અનુસંધાન પાન-૭ પર



દબાણ હટાવો ઝુંબેશ - ગાંધીનગર મનપાનું દબાણ તંત્ર શુક્રવારે વિવિધ ગેરકાયદેસર દબાણો પર ત્રાટક્ય હતું... શહેરમાં વિવિધ સેક્ટરોમાં દબાણોનો રાફડો ફાટ્યો છે... આ દબાણ હટાવવા તંત્રએ આજે કમર કસી હતી... જેના ભાગરૂપે સેક્ટર-૬માં પોલીસ સ્ટેશનની બાજુમાં ઉભા થઈ ગયેલા કાચા ઝુંપડાઓ હટાવવમાં આવ્યા હતા...

# નવા સેકટરોમાં સરકારી ટાવર કોલોની બનાવવા સાઈટ બદલવા વિચારણા

**સે-૫ માં નવા આવાસો બાંધવામાં નહીં આવે : નવી સાઇટની પસંદગી કરવા વિચારણા સે-૬ માં જુના આવાસો તાડી નંખાયા ત્યાં નવી કોલોની બનશે**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાથી ભયજનક આવસો તોડી નવા આવસો બાંધવા માટે કામ હાથ ધરાયુ છે. જયારે સે-૭ અને સે-૨૯ માં આ પ્રકારના કોર્પોરેટ લુક ધરાવતી કોલોની તૈયાર કરી દેવામાં આવી છે. ત્યારે આગામી દિવસોમાં સે-૬ માં પણ નવા આવસો બાંધવા માટે યોજના તૈયાર કરવામાં આવી છે. જયારે સે-૫ના બદલે અન્ય સેકટરમાં ટાવર કોલોની માટે સ્થળ પસંદગી કરવાનો પણ નિર્ણય લેવાયો હોવાનુ ધ્યાને આવ્યુ છે.

ગાંધીનગરમાં સરકારી આવસો તોડી નવા કોર્પોરેટ લુક ધરાવતા નવા મકાનો બાંધવા માટે કામગીરી ચાલી રહી છે. જયારે હાલ સે-૨૯ અને સે-૩૦ માં આ અન્વયે કામ પણ પ્રગતિ હેઠળ છે. જયારે સે-૭ માં આ પ્રકારના નવા આવાસો તૈયાર કરી દેવાયા છે. નવા કોર્પોરેટ લુક ધરાવતા આવાસો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે હજુ પણ નવા સરકારી આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવી રહયુ છે. નગરમાં સ્થિત જુના સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય નથી. જયારે જુના અને કંગાળ આવાસો તોડીને નવા આવસો તૈયાર કરવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો પણ સમયાંતરે તોડવામાં આવી રહયા છે. સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો ભયજનક હાલતમાં હોવાથી સરકારી આવાસોના કડુસલો બોલાવામાં આવી રહયો છે. ત્યારે સરકારી આવાસોના સ્થાને હજુ પણ નવા મકાનો બાંધવાની અનિવાર્યતા છે. એકબાજુ સરકારી ચોપડે મકાન માટે અરજદારોની પ્રતિક્ષા યાદી મોટી છે. ત્યારે તંત્ર પાસે સરકારી આવાસો પર્યાપ્ત સંખ્યામાં ઉપલબ્ધ નથી. જો કે હજુ પણ નવા આવાસો બાંધવા માટે નવી કાર્યયોજના પણ તૈયાર થઈ રહી છે. ત્યારે સરકારી આવાસો બાંધવા માટે નવા સેકટરોમાં નવી સાઈટ પણ આખરી કરવામાં આવશે.

થોડા સમય અગાઉ સે-૫ અને સે-૬ માં નવા સરકારી આવાસો તૈયાર કરવા માટે વિચારણા હાથ ધરવામાં આવી હતી. બી અને સી કક્ષાના આવાસો બાંધવા માટે ંમંજુરી આપી દેવામાં આવી છે. પરંતુ આ સાઈટમાં ફેરફાર કરવાની અનિવાર્યતા હોવાનુ પણ મનાઈ રહયુ છે. વિભાગના ઉચ્ચ અધિકારીઓની બેઠક દરમિયાન સે-૫ માં આમપણ એકપણ સરકારી આવાસો નથી. ત્યારે આ જગ્યાની પસંદગી કરવાના બદલે જયાં આવસો તોડી નાંખવામાં આવ્યા છે તેવા ઠેકાણે જ નવા આવાસો બાંધવા માટે પણ નિર્ણય લેવાયો છે. અલબત્ત સે-૬ માં નવી આવાસ યોજના તૈયાર કરાશે. જયારે સે-૫ ના બદલે નવી સાઈટની પસંદગી કરવામાં આવે તેવી પણ શક્યતા છે.

# શહેરના શુદ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા બેવડી કરાશે

**ઉદ્યાનોની હરિયાળી નિખારવા પ્લાન્ટની ક્ષમતા બેવડી કરાશે : સરગાસણ પ્લાન્ટને ૨૦ એમ એલ ડી કરાશે કાર્યયોજના તૈયાર કરી દેવાઇ : જી ઇ બી થર્મલ પાવર સ્ટેશનને પણ પાણી સપ્લાય કરવા વિચારણા**

ગાંધીનગર તા ૧૬

શહેરના બગીચાઓને પાણી પુરુ પાડવા સરગાસણ ખાતે અગાઉ ૧૦ એમ એલ ડી ના પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ બનાવાયો છે. જયારે આ પ્લાન્ટના આધારે નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કની પાણીની જરૂરિયાત સંતોષવામાં આવે છે. જયારે આગામી દિવસોમાં આ યોજના અન્વયે નગરના અન્ય ઉદ્યાનો તેમજ જી ઈ બી થર્મલ પાવર સ્ટેશનને આવરી લેવા માટે શુધ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા બેવડી કરી દેવા પણ કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. જેના લીધે આગામી દિવસોમાં શહેરના બગીચાઓની હરિયાળી બરકરાર રાખવા માટે આ વ્યવસ્થાના આધારે પાણી સપ્લાય કરવામાં આવે તેવુ આયોજન આખરી કરાશે.

શહેરમાં આમ પણ પાણીનો વપરાશ વધુ છે. જયારે માથાદીઠ પાણીના વપરાશ સાથે પાણીનો બગાડ પણ વધુ થતો હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે નગરમાં સ્થિત ઉદ્યાનોની જાળવણી પણ મુશ્કેલ બની છે. અલબત્ત બગીચાઓને હરિયાળા રાખવા માટે જરૂરી પાણી સપ્લાય કરવાનુ પણ ઘણીવાર મુશ્કેલ બને છે. સેકટરોમાં સપ્લાય થતા પાણી પુરવઠાના જથ્થા પૈકી બગીચાઓને પાણી સપ્લાય કરવુ પડે છે. અગાઉ સરગાસણ ખાતે ગટરના પાણીને શુધ્ધ કરી બગીચામાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે ૧૦ એમ એલ ડી નો પ્લાન શરૂ કરાયો હતો. જેના લીધે શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કને હાલ પાણી પુરુ પાડવામાં આવે છે. પરંતુ શહેરના તમામ બગીચાઓને પાણી પુરુ પાડવા માટે આ પ્લાન્ટની ક્ષમતા વધારવાની અનિવાર્યતા છે. જેને ધ્યાને લઈ દુષિત પાણીને શુદ્ધ કરી સેકટરોના બગીચાઓને સપ્લાય કરવામાં આવે તે માટે સરગાસણ પાણી શુધ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા વધારવા માટે પણ આયોજન કરવામાં આવી રહયુ છે. કોર્પોરેશન કક્ષાએથી આ યોજના અન્વયે શુદ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા બેવડી કરી દેવા માટે પણ કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. અલબત્ત ૨૦ એમ એલ ડીનો પ્લાન્ટ તૈયાર કરવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. જયારે આ વ્યવસ્થાના આધારે આગામી દિવસોમાં નગરના અન્ય બગીચાઓ તેમજ થર્મલ સ્ટેશનને પણ પાણી પુરુ પાડવામાં આવે તેવી શક્યતા છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com